દાદા ભગવાન પરિવારનું

જુન ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## સંપાદકીય

મિત્રો,

સવારથી રાત સુધી આપણે ઘણાંય લોકોના સંપર્કમાં આવીએ છીએ. જેમ કે આપણા ફ્રેન્ડસ, ફેમિલી, ટીચર્સ, જાતજાતની સર્વિસીસ આપનાર વ્યક્તિઓ વગેરે. પણ શું આપણા દિલમાં સહુ માટે એકસરખો રિસ્પેક્ટ રહે છે ? ઘણી વાર આપણે એમને મનમાં નીચા ગણતા હોઈએ છીએ અથવા તો ઘણી વાર વાતોમાં એમને નીચા પાડતા હોઈએ છીએ. જો કોઇ આપણી સાથે આવું કરે તો આપણને ગમે ? ના ! તો આપણાથી કોઈની સાથે એવું કરાય ?

કોઈને નીચા ગણીને ક્યારેય ખરી સફળતા પ્રાપ્ત થાય નહીં. સફળ વ્યક્તિઓનું એક એવું વિશેષ લક્ષણ છે જે એમને સફળતાના શિખરે પહોંચાડે છે. ચાલો, આ અંકમાં એ વિશેષ લક્ષણની સમજણ પ્રાપ્ત કરીએ અને સાથે-સાથે બધા માટે આદર અને રિસ્પેક્ટ જળવાઈ રહે તે માટે જ્ઞાનીની દૃષ્ટિ સેટ કરીએ.

- ડિમ્પલ મહેતા

# બિગ ઓર સ્મોલ, રિસ્પેક્ટ ઓલ




Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૪, અંક : ૧૦
સળંગ અંક : ૧૬૬
જુન ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org


## અક્રમ એક્સપ્રેસ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# એક 'નાનું' રહસ્ય


BUSINESS FAIR
એનિમલ સ્કૂલમાં એક 'બિઝનેસ ફેર' યોજવામાં આવ્યો હતો. જે ટીમ સહુથી વધુ પ્રોફિટ કરે, એ ટીમને પ્રાઈઝ મળવાનું હતું.
સિમી અને ઝેબુ સ્ટોલ ઉપર...
ઓહો ! પીઝા બનાવ્યા છે. મારા માટે ઓલિવ્સ વગરનો પીઝા બનાવજો.
અરે ઝેબુ, બધા જ ઓલિવ્સ માટે 'ના' કહે છે. ઓલિવ્સનો ખર્ચો તો માથે પડ્યો.
થોડા દિવસ પછી બધા બાળકો પ્રાઈઝ ઈવેન્ટ માટે ભેગા થયા,
મને ખ્યાલ છે કે તમને બધાને બિઝનેસ ફેરમાંથી ખૂબ શીખવા મળ્યું હશે. પણ વિનર તો એક જ ટીમ બને ને ? તો આ વખતના વિનર્સ છે... હુફી અને લેગ્ગી...
વ્હોટ ?? પણ, આપણા તો બધા જ પીઝા વેચાઈ ગયા હતા.
સિમી, ઓલિવ્સના બગાડના કારણે આપણો પ્રોફિટ ઓછો થઈ ગયો હતો !


સર, અમારી સફળતાની ક્રેડિટ ભોલુને જાય છે.
શું એ સફાઈવાળાને ?
એક દિવસ અમે પાર્કમાં બેસીને બિઝનેસ ફેર માટે શું બનાવવું એ નક્કી કરી રહ્યા હતા...
ત્યારે અમે ભોલુને સિમી અને ઝેબુ સાથે વાત કરતા સાંભળ્યો...
આપણે આપણા પીઝામાં ઓલિવ્સ, ચીઝ અને જાતજાતના ટોપિંગ નાખીશું. એકદમ ટેસ્ટી બનાવીશું.
બાળકો, ગયા વર્ષે પેરેન્ટસ પીઝામાં નાખેલા ઓલિવ્સ ફેંકી દેતા હતા. મેં ઘણા બધા ઓલિવ્સ કચરાપેટીમાં જોયા હતા.
ઈગ્નોર હિમ સિમી ! આવા લોકોને ટેસ્ટ, ફ્લેવર અને બિઝનેસ વિશે શું ખબર પડે !
ઓકે ઓકે...



અમે ફ્રેંચ લોફ, સેન્ડવીચ બનાવવાના હતા. જેમાં અમે પણ ઓલિવ્સ નાખવાના હતાં.
ભોલુની સલાહ અમારા માટે વરદાનરૂપ બની. અમે સેન્ડવીચમાં ઓલિવ્સ કેન્સલ કર્યા અને અમને ધાર્યા કરતા વધુ પ્રોફિટ મળ્યો.
ખુબ સરસ બાળકો ! આ વાત પરથી મને ક્રિકેટના ઉસ્તાદ સચિન તેન્ડુલકરનો એક પ્રસંગ યાદ આવે છે...
FOOD COURT
એક વખત તેઓ ચેન્નાઈની એક હોટેલમાં હતા. એક વેઈટરને એમની સાથે ક્રિકેટ વિશે વાત કરવી હતી.
વેઈટરે સચિનને જણાવ્યું કે સચિનનું આર્મગાર્ડ એમને બેટિંગ કરવામાં નડે છે. સચિને પહેલા આવું ક્યારેય નોટિસ નહોતું કર્યું.
સચિને વેઈટરની સલાહ સ્વીકારી અને એમના આર્મગાર્ડની ડિઝાઈન બદલી. નેક્સ્ટ ગેમ તેઓ કોઈ પણ અગવડ વિના રમી શક્યા.


FOOD
COURT
સચિનને બહુ ફાયદો થયો અને એમણે પોતાના ફાયદાની ક્રેડિટ વેઈટરને આપી. ખરો માણસ એ જ કહેવાય જે બધાની વાત આદરપૂર્વક સાંભળે અને યોગ્ય લાગે એ વાત સ્વીકારે.
દરેક જીવમાં ભગવાન છે. તો આપણે કોઈની પણ વાતને નીચી શું કામ ગણીએ ? આ જ છે સફળતાનું એક 'નાનું' રહસ્ય.
ભોલુ, તારી કેપ તો મસ્ત છે ને !
પાછા ફરતા સિમી અને ઝેબુને રસ્તામાં ભોલુ દેખાયો.
ભોલુએ કેપ ઊંચી કરીને બંનેને એક સ્માઈલ આપી.
જેની હાજરી સિમી અને ઝેબુએ હંમેશાં ઈગ્નોર કરી હતી તેની સાથે બે મીઠા શબ્દો બોલીને, બંનેને પ્રાઈઝ મેળવ્યા કરતા પણ વધુ સંતોષ થયો !



# મીઠી યાદેં

દાદાશ્રીની ભાવના હતી કે મહાત્માઓનું એક એવું ગામ હોય જેમાં બધા મહાત્માઓ સાથે મળીને આધ્યાત્મિક પ્રગતિ કરે. દાદાશ્રીની આ ભાવના નીરુમા એ સાકાર કરી.

અડાલજમાં ત્રિમંદિર બંધાયું અને એ જ પરિસરમાં મહાત્માઓને રહેવા માટે એક સરસ મજાની ટાઉનશીપનું પણ નિર્માણ થયું.

શું તમે જાણો છો કે 'અડાલજ'ની ભૂમિ પર આ ભવ્ય નિર્માણ થવાનો સંયોગ કેવી રીતે બેઠો ?

ઘણા સમયથી આપ્તપુત્ર ભાઈઓ અને મહાત્માઓ આ બાંધકામ માટે જમીનની ખોજ કરી રહ્યા હતા. પણ ક્યાંય મેળ નહોતો પડી રહ્યો. એ જ અરસામાં ગામડાના એક સીધા સાદા બહેને નીરુમાને 'અડાલજ'માં જમીન શોધવાનું સજેશન આપ્યું. નીરુમાએ એ બહેનની વાત વધાવી લીધી. એમણે તપાસ કરાવી અને વિચારણા કરી. અને આમ, અડાલજમાં હજારો મહાત્માઓ માટે એક પરિવારની જેમ ત્રિમંદિરની નજીક અને પૂજ્યશ્રીના સાંનિધ્યમાં રહેવાનું એક સુંદર સ્થળ બન્યું.


મિત્રો, નીરુમા માટે બધા જ મહાત્માઓ સરખા હતા ! કોઈ મોટું નહીં અને કોઈ છોટું નહીં. કોઈ વિશેષ નહીં અને કોઈ નીચું નહીં. તેઓ ઓપન માઈન્ડ રાખી બધા જ સજેશન્સને વધાવી લેતા. આપણે સહુ પણ નીરુમાના પગલે ચાલી, કોઈ ઊંચ-નીચનો ભેદ લાવ્યા વગર એકબીજાના પૂરક બનીને સેવાના કામ કરીશું. કરીશું ને ?






આખી દુનિયામાં કોઈ જીવને દુઃખ ના દેવું એનું નામ વિનય.

# આ તો



**જેમ 'મોટા માણસ' તરીકે ઓળખાતા જાય તેમ નમ્ર વધારે હોય, અકડાઈ ના હોય. અકડાઈ તો હલકાં માણસમાં હોય.**

દા.ત. : મોટા સાયન્ટિસ્ટ ક્યારેય પોતાની આવડતનો રોફ ના જમાવે. તેઓ હંમેશાં નમ્ર રહે. જે વ્યક્તિઓ પોતાનાથી ઓછું ભણેલાઓની સામે રોફ જમાવે એને અકડાઈ કહેવાય.



વિનયી લોકોનું વર્તન જોયા કરવાનું. જોવાથી વિનય આવડે.

# નવી જ વાત !

કોઈ સરળ હોય, નમ્ર હોય, લઘુતા દેખાડતો હોય તો આપણને એમ થાય કે કેટલા સારા ગુણો છે. એ સારા ગુણોને એપ્રીશિયેટ કરીએ એટલે એ ગુણો આપણામાં પ્રગટ થાય.



# ક્રૂઝની કમાણી

"૧૦...૯...૮...૭...૬" સ્તુતિ આંખો મીંચીને મોટેથી બોલી રહી હતી. બાળકોને ક્રૂઝ પર આવ્યાને ચાર દિવસ જ થયા હતા. પણ તેઓ સારા મિત્ર બની ગયા હતા. ક્રૂઝની બધી જ રમતો રમી લીધા પછી એમણે સંતાકૂકડીની રમત રમવાનું નક્કી કર્યું.

સ્તુતિની ગણતરીના અવાજથી બધાના પગ જુદી-જુદી દિશાઓમાં દોડ્યા. વ્યોમે પણ આમતેમ જોયું. એને થયું, "છુપાવાની જગ્યા તો એવી હોવી જોઈએ કે કોઈ વિચારી પણ ના શકે !" ક્યાં છુપાવું ? ક્યાં છુપાવું ? કરતા કરતા એ બેઝમેન્ટ તરફ દોડ્યો.

સ્તુતિ સહુથી પહેલા કેફે એરિયા તરફ શોધવા નીકળી. "પકડાઈ ગયો, નીખીલ... સ્ટોપ. ઓકે, હવે રુદ્ર, વ્યોમ અને મિલી બાકી છે." થોડીવારમાં એણે રુદ્ર અને મિલીને પણ શોધી લીધા.

"હવે આ વ્યોમ ક્યાં હશે ?"

"એણે સહુથી અઘરી જગ્યા શોધી હશે. હું એને ઓળખું છું ને !" નીખીલે કહ્યું. બધા જ વ્યોમને શોધવા મંડી પડ્યા. પણ એ ક્યાંય ના જડ્યો.

છેવટે બધાએ હાર માનીને વિચાર્યું કે વ્યોમ કદાચ ગેમ છોડીને બીજી કોઈ મજેદાર વાતમાં ડૂબી ગયો હશે. જમવાનો ટાઈમ થઈ ગયો અને બધા પોતાના પેરેન્ટ્સ પાસે પહોંચી ગયા.



બીજી બાજુ વ્યોમ તો પકડાઈ ના જવાય એવી જગ્યાએ સંતાઈને બેઠો હતો. અડધા કલાક પછી પણ કોઈ આવ્યું નહીં એટલે એણે તપાસ કરવાનું વિચાર્યું. એ હળવેથી દરવાજો ખોલવા ગયો. પણ આ શું ? દરવાજો ખુલ્યો જ નહીં !! એણે જોરથી દરવાજાને ધક્કો માર્યો, પણ કંઈ ના થયું. વ્યોમની હથેળીઓ લાલ લાલ થઈ ગઈ પણ દરવાજાના હેન્ડલે તો હલવાનું નામ પણ ના લીધું. એણે મદદ માટે મોટેથી બૂમો પાડી. પણ એ તો જહાજના બેઝમેન્ટમાં જઈને છુપાયેલો. એનો અવાજ કોઈના

કાન સુધી ક્યાંથી પહોંચે ? વ્યોમ જબરજસ્ત ગભરાઈ ગયો. ચીસો પાડી પાડીને એનું ગળું બેસી ગયું.

જહાજ પર વ્યોમની ગેરહાજરી કોઈએ નોટીસ જ નહોતી કરી. વ્યોમના મમ્મી-પપ્પાને હતું કે એ એના ફ્રેન્ડસ સાથે હશે અને એના ફ્રેન્ડ્સને હતું કે એ એના પેરેન્ટ્સ સાથે હશે.

વ્યોમની આંખો રડી-રડીને ઝીણી થઈ ગઈ. એને ક્યારે ઊંઘ આવી ગઈ એનો એને ખ્યાલ જ ના રહ્યો.

જ્યારે વ્યોમની આંખો ખુલી ત્યારે સવાર થઈ ગઈ હતી અને એ જાણીતી જગ્યામાં સૂતો હતો. બારીમાંથી સમુદ્રની લહેરો અને બ્રાઉન ટેબલ જોઈને એને સમજાઈ ગયું કે એ ક્રુઝમાં પોતાના જ રૂમમાં હતો ! તો શું જે બધું થયું એ સપનું હતું ? કે આ જે જોઈ રહ્યો છે એ સપનું છે ? એ ઊઠ્યો અને આમતેમ જોવા લાગ્યો. ત્યાં તો એના મમ્મી આવ્યા અને એને ભેટી પડ્યા, "વ્યોમ બેટા, તને ખબર છે અમે બધા કેટલા ટેન્શનમાં આવી ગયા હતા ?! હવે ક્યારેય પણ આવી આડી-અવળી જગ્યાએ રમવા ગયો છે તો જોઈ લેજે !"

વ્યોમને યાદ આવ્યું કે બેઝમેન્ટમાં રડતા રડતા એણે જીવવાની આશા જ છોડી દીધી હતી. એના માટે તો આ નવો જ જન્મ હતો. પણ એને શોધ્યો કોણે ?

એ કંઈ પૂછે, એ પહેલા તો એની ક્રૂઝ ફ્રેન્ડ મિલી એને મળવા આવી. એ થોડી ગુસ્સામાં હતી.

"હાય મિલી."

"તો મિસ્ટર એટિટ્યૂડ ! તારી રાત કેવી હતી ?"

વ્યોમ થોડો મૂંઝાયો. શું કહેવું એ એને ખબર ના પડી.

"તને ખબર છે, તને કોણે બચાવ્યો ?"

"કોણે ?"

"ગોપાલચાચા."

"ગોપાલચાચા ? એ કોણ છે ?"

"ભૂલી ગયો ? આપણા ફ્લોરની સફાઈ કરનાર. એ તને રોજ રમતા જોતા. ગઈ કાલે રાત્રે એમણે નોટીસ કર્યું કે તું રમીને પાછો નથી આવ્યો. ફક્ત એમને જ બેઝમેન્ટના સ્ટોર રૂમની ખબર હતી. સફાઈનો સામાન મુકવા ગયા ત્યારે એમણે તને જોયો. એ તને ઊંચકીને રૂમમાં મૂકી ગયા. આઈ એમ શ્યોર કે પહેલા દિવસે એમની સાથે થયેલી વાતચીત તને યાદ જ હશે !" આટલું કહી મિલી રૂમની બહાર ચાલી ગઈ.

ગોપાલચાચા સાથે બનેલો પ્રસંગ વ્યોમને યાદ આવ્યો અને એને પોતાના કરેલા વર્તન પર ભારે શરમ આવી.

ક્રૂઝના પહેલા દીવસે પાંચેવની ફ્રેન્ડશીપ થઈ હતી. ક્રૂઝની મજા માણવા તેઓ જહાજના ટોપ ફ્લોર પર પહોંચી ગયા હતા.

"ચાલો ટ્રુથ એન્ડ ડેર રમીએ." વ્યોમે સુઝાવ મૂક્યો.



"હાઉ ટૂ પ્લે ?" સ્તુતિએ પૂછ્યું.

"વેરી સિમ્પલ ! હું બોટલ ફેરવીશ. જેના તરફ બોટલનું મોઢું અટકશે એનો પહેલો ટર્ન આવશે. એને પૂછવામાં આવશે "ટ્રુથ" કે "ડેર." જો એ "ટ્રુથ" પસંદ કરશે તો એણે કોઈ પણ સવાલનો સાચો જવાબ આપવો પડશે. અને જો એ "ડેર" પસંદ કરશે તો એણે કોઈ પણ ચેલેન્જ સ્વીકારીને પૂરી કરવાની રહેશે. તો, તૈયાર બધા ?" વ્યોમે બોટલમાંથી છેલ્લો ઘૂંટડો પીને બોટલ વચ્ચે મૂકી. બધા એક ગોળાકારમાં ગોઠવાઈ ગયા. નીખીલે બોટલ ફેરવી. બોટલનું મોઢું રુદ્ર તરફ જઈને અટક્યું.

"ચલ હોશિયાર, બોલ ટ્રુથ જોઈએ કે ડેર ?" વ્યોમે પૂછ્યું.

"ઓકે, આઈ ટેક ડેર" રુદ્રે ચેલેન્જ સ્વીકારી.

વ્યોમ થોડીવાર માટે વિચારમાં પડી ગયો. ત્યાં તો એની નજર એક વ્યક્તિ પર પડી. એ સ્વિમિંગ પૂલની બાજુમાં પોતું મારી રહ્યો હતો. વ્યોમે એ વ્યક્તિના કપડાં તરફ જોયું અને તરત જ રુદ્રને કહ્યું, "જા પેલા માણસને પૂછી આવ કે એ કેટલા દિવસથી નાહ્યો નથી." બધાને જ આ ચેલેન્જ સાંભળીને હસવું આવી ગયું.

"ઓ, ઈસમેં કૌનસી બડી બાત હૈ !" રુદ્ર બોલ્યો.

"હાઉ સેડ ! તમને લોકોને શરમ નથી આવતી ?" મિલી તરત જ ત્યાંથી ઊભી થઈ ગઈ.

"ઓ કમ ઓન મિલી, આપણે ફક્ત થોડી મજા કરી રહ્યા છીએ." વ્યોમે મિલીને બેસવાનો ઈશારો કર્યો.

રુદ્રે પેલા ભાઈને જઈને પ્રશ્ન પૂછી કાઢ્યો. આ બાજુ પ્રશ્ન સાંભળીને એ ભાઈનો ચહેરો ઉદાસ થઈ ગયો તો બીજી બાજુ મિલી સિવાય બધા રુદ્રની 'ડેરિંગ' જોઈને જોરથી હસી પડ્યા.


ત્યાં તો જહાજના કેપ્ટન મિસ્ટર સાજિત ત્યાં આવ્યા. એમને જોઈને બધા તરત જ ઊભા થઈ ગયા.

"હેલો ફ્રેન્ડ્સ ! ક્રૂઝ પર મજા આવે છે ને ?"

"હા સર."

"કોઈ તકલીફ તો નથી પડી ને ?"

"ના સર."



"ગુડ ગુડ" કહી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

આ જોઈ મિલીએ કટાક્ષમાં તાળીઓ પાડી અને બોલી, "વાહ..વાહ..વાહ... કેપ્ટનને જોઈને તમે બધા ઊભા થઈ ગયા અને ક્લીનરની મશ્કરી કરો છો ? તમને લાગે છે કે ક્રૂઝ ફક્ત કેપ્ટનથી ચાલે છે ?"

"તો બીજું શું ? આઈ મીન કમ ઓન યાર ! ક્લીનર્સ શું મોટી ધાડ મારે છે ?! ખાલી સફાઈ જ તો કરે છે ને !" વ્યોમે ખભા ઊંચા ચઢાવીને કહ્યું.

મિલી માથું હલાવીને ત્યાંથી ચાલી ગઈ.

ક્રૂઝની સાયરન વાગી અને વ્યોમ વર્તમાનમાં આવ્યો. એ જ સફાઈ કરનાર જે વ્યોમના હિસાબે 'યૂઝલેસ' હતો, એણે આજે વ્યોમની જાન બચાવી હતી. આ ઉપકારનો બદલો વ્યોમ કદાચ ક્યારેય નહીં વાળી શકે. એને એના વર્તન પર ખૂબ પસ્તાવો થયો.

વ્યોમ એના રૂમની બહાર આંટો મારવા નીકળ્યો. એક ખૂણામાં ઊભા રહી એ ક્રૂઝનું નિરીક્ષણ કરવા લાગ્યો.

એક બાજુ વેઈટર બધાને ખાવાનું પીરસી રહ્યો હતો. બીજી બાજુ બે-ત્રણ જણ સફાઈ કરી રહ્યા હતા. બધા જ ગેસ્ટ મજા માણી રહ્યા હતા.

શું થાય, જો સમયસર સફાઈ ના થાય...

શું થાય, જો શેફ ટાઈમ પર ખાવાનું ના બનાવે...

જો વેઈટર આપણને પીરસવા ના ઊભો રહે...

ક્રૂઝની જર્ની સરસ ચાલી રહી છે, કેમ કે બધા જ પોતાનું કામ યોગ્ય રીતે કરી રહ્યા છે. દરેક જણ કંઈ ને કંઈ રોલ ભજવે છે અને દરેક કામ અગત્યનું છે. અને તેથી બધા જ રિસ્પેક્ટ અને આદરના હકદાર છે.

આ વિચારોથી વ્યોમને બહુ જ હળવું લાગ્યું. એણે મનોમન નક્કી કર્યું કે એ ક્યારેય કોઈ પણ વ્યક્તિને પોતાનાથી નીચી નહીં માને. હંમેશાં બીજાના પોઝિટિવ પોઈન્ટ્સ જોઈને પોતાના અહંકારને ડાઉન રાખશે. ત્યાં તો એના ફ્રેન્ડ્સ નીખીલ, સ્તુતિ, રુદ્ર અને મિલી ત્યાં આવી પહોંચ્યા.

"આર યુ ઓકે વ્યોમ ?"

"યસ, થેન્કસ ટુ ગોપાલચાચા. આઈ હેવ નેવર બિન બેટર ! આટલું સારું તો મેં પહેલા ક્યારેય ફિલ નથી કર્યું." વ્યોમના અવાજમાં સાચી સમજણનો રણકાર હતો.



# તમારી જાતને ચકાસી જુઓ !

નીચે આપેલી દરેક પરિસ્થિતિઓમાં ક્રિશ અને રિશનો એપ્રોચ જુદો-જુદો છે. તમે કોના જેવું વલણ રાખવાનું પસંદ કરશો ?




ફ્લોર ભીનો છે કારણ કે હમણાં જ પોતું મરાયું છે.

ક્રિશ અને રિશે પેકેટમાંથી ચિપ્સ ખાધી.

રિશે પેકેટ રસ્તા પર ફેંક્યું.

સફાઈ કરનારને વધુ મહેનત ના પડે તે માટે ક્રિશે ડસ્ટબિન શોધીને એમાં ફેંક્યું.






ટાઉનશીપની બહાર નીકળતી વખતે ગેટ પર ક્રિશ હંમેશાં સિક્યુરિટી ગાર્ડને 'જય સચ્ચિદાનંદ' કહીને નીકળે.

રિશ પોતાના કામ સાથે કામ રાખે. એને તો ખ્યાલ પણ ના હોય કે ગેટ પર સિક્યુરિટી ગાર્ડ હતા કે નહીં.



# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા :** મને બધા માટે સરખો રિસ્પેક્ટ (વિનય) નથી આવતો. ટીચર અને ડૉક્ટર માટે વધારે આવે અને વોચમેન કાકા માટે ઓછો આવે. તો એવું કેમ થાય છે ?

**પૂજ્યશ્રી :** આપણને એમ થાયને કે આ તો વોચમેન છે. એને પગાર આપીએ છીએ. મારી તબિયત બગડે તો ડૉક્ટર કામ લાગે. ટીચર મને ભણાવે છે. એટલે એવું રહે. પણ આપણે કોઈના નેગેટિવ નહીં જોવાના. એટલું તો થાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**પૂજ્યશ્રી :** વોચમેન ફાલતુ માણસ લાગે તો કહેવાનું કે, બિચારા રાતભર સેવા કરે છે, બાર કલાક દરવાજા પર ઊભા રહે છે. ચોરીઓ નથી કરતા, ખોટું નથી બોલતા, ખોટા માણસોને બિલ્ડિંગમાં ઘુસવા નથી દેતા. ભલા માણસ છે. સિન્સિયરલી કામ કરે છે. આ રીતે આપણે બધાના પોઝિટિવ જોવાના. પોઝિટિવ જોઈએ એટલે ઈક્વિવેલેન્ટ (એક સરખું) આવી ગયું. આપણે કોઈને નીચા ગણતા નથી. પણ થોડું લાગે કે આ ટીચર છે, આ ડૉક્ટર છે, આ દીપકભાઈ આવ્યા તો થોડા ઊંચા (ઊંચા ગણીએ) થઈ જઈએ. એ ફેર પડે. પણ જેથી કરીને કોઈને નીચા નહીં ગણવા અથવા તો બધાના પોઝિટિવ જોવા.

એવું લાગે કે આ બોસ છે અને આ અંડરહેન્ડ(બોસની નીચે કામ કરનારા) છે. પણ આપણે પોઝિટિવ જોવું. અંડરહેન્ડ હોયને તો જ પેલો બોસ કહેવાય ને ? તો બોસની કિંમત કે અંડરહેન્ડની કિંમત !

**પ્રશ્નકર્તા :** અંડરહેન્ડની.

**પૂજ્યશ્રી :** એ લોકો ના હોય તો આપણને બોસ કોણ કહે ? એટલે આવું બધું સમજવું. હું તો ૩ વર્ષનો બાબો હોયને એનેય મોટો ગણું, કે આ ૮૦ વર્ષના (જે ગુજરી ગયા હતા તે) પાછા આવ્યા તે આ ૮૩ વર્ષના કાકા છે. જય સચ્ચિદાનંદ બાબા. તો પછી મોટો કહેવાય કે ના કહેવાય આપણાથી ?


AALOO CHILLY
Today's Special:
આલુનો બર્થ ડે છે !
આ પિગીને અહિયાં કોણે બોલાવ્યો ? મારે એની સાથે નથી ઊભા રહેવું, કેવી વાસ આવે છે !
ચીલી, હું તને મદદ કરું ?
ના, થેન્કસ.
એ પિગી ત્યાં શું કરે છે ? ચલ, આપણે સાથે જમીએ.
આલુ એને કેમ બોલાવે છે ?
અરે, પિગી એકલો ઊભો હતો. મને ના ગમ્યું એટલે એને આપણી પાસે બોલાવ્યો !




# ચાલો રમીએ...

પીક્ચરના નામ અંગ્રેજીમાં લખો

1. 

2. 

3. 

4. 

5. 

6. 

7. 


# જીવંત ઉદાહરણ – ૧
# ખરો સમ્રાટ

નેપોલિયન બોનાપાર્ટ ફ્રાન્સના મોટા સમ્રાટ હતા. એક દિવસ તેઓ પોતાની પત્નીને લઈને નગરમાં ફરવા માટે નીકળ્યા. એક નાની એવી ગલીમાંથી એ પસાર થઈ રહ્યા હતા. એમણે જોયું કે સામેથી એક મજૂર માથા પર મોટો ભારો લઈને આવી રહ્યો છે. જેવો પેલો મજૂર નજીક આવ્યો કે નેપોલિયન તરત જ એના રસ્તામાંથી ખસી ગયા ને એ મજૂરને જવા દીધો.

નેપોલિયનની પત્નીને એ મજૂર પર ખૂબ ગુસ્સો આવ્યો. એમણે નેપોલિયનને કહ્યું, "તમારે આ મજૂરને શિક્ષા કરવી જોઈએ. એને એટલી સામાન્ય સમજ પણ નથી કે રાજાનો આદર કરવો જોઈએ અને રાજાને નમન કરીને રસ્તો આપવો જોઈએ !"

નેપોલિયને પોતાની પત્નીને સમજાવતા કહ્યું, "તમે જોયું નહીં કે એ મજૂરના માથે કેટલો મોટો ભાર હતો ? એ મહેનતુ હતો. અને મને એની મહેનત પ્રત્યે આદર છે. હું માનું છું કે શ્રમનો આદર, સમ્રાટના આદર કરતા વધુ મહત્વનો છે. માટે મેં શ્રમનો આદર કરીને સામેથી એમને રસ્તો આપી દીધો."

તો મિત્રો, એ ક્યારેય નહીં ભૂલતા કે મોટો માણસ એના ગુણોને કારણે મોટો બને છે, નહીં કે એની પદવીના કારણે. આજ પછી આપણે પણ સૌનો આદર કરીશું ને !



# જીવંત ઉદાહરણ – ૨


## કલામને દિલથી સલામ

એક ઈવેન્ટમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ આમંત્રિત મહેમાન હતા. ડૉ. કલામ માટે એક ખુરશી રિઝર્વ કરવામાં આવી હતી. પણ એમણે એના પર બેસવાનો ઈન્કાર કરી દીધો. જાણો છો કેમ ? કારણ કે એ ખુરશી અન્ય મહેમાનોની ખુરશીઓ કરતા વધુ સ્પેશિયલ અને મોટી હતી.

કેવો ઉચ્ચ ભાવ ! 'હું કોઈનાથી મોટો છું !' એવું ના તો એમના મનમાં હતું કે ના એમણે ક્યારેય એવો દેખાડો કર્યો હતો !

જાણો છો રાષ્ટ્રપતિ બન્યા બાદ જ્યારે પહેલી વાર ડૉ. કલામ પોતાના રાજ્યમાં ગયા હતા ત્યારે તેમણે પોતાના કયા પ્રતિષ્ઠિત મહેમનોને રાજભવનમાં આમંત્રિત કર્યા હતા ? એક મોચી અને એક નાનકડી હોટલના કર્મચારીને.

'મારાથી કોઈ ઓછું ભણેલો છે કે ઓછા સ્ટેટસવાળો છે' એવી ભાવના ડૉ. કલામના હૃદયમાં ક્યારેય નહોતી. એમનામાં એવી ગજબની નમ્રતા હતી કે કોઈ પણ વ્યક્તિ સાથે સરળતાથી મિત્રતા કરી લેતા !



**Akram Express**

**June 2022**
**Year : 14, Issue : 10**
**Conti. Issue No.: 166**

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

## 9th May Pujyashree's B'day celebration







**BMHT, LMHT**
**સમરકેમ્પ ઝલક**
**માટે કરો**
**Scan QR code**




ચાલો રમીએના જવાબ

1. MILK
2. ICECREAM
3. CANDY
4. CHEESE
5. CHOCOLATE
6. BUTTER
7. PANEER



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.